# ઉનાળુ મગફળીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી

મુખ્ય તેલિબીયા સંશોધન કેન્દ્ર
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

*****************************************************

મગફળીએ આપણા રાજયનો અગત્યનો રોકડીયો પાક છે. આપણા રાજયના લોકોના ખાધ તેલ માટેનો મુખ્ય પાક છે. જેમાંથી વનસ્પતિ ઘી, દુધ તથા અન્ય વાનગીઓ બનાવવામાં પણ ઉપયોગી છે. માગફળીનો પાલો ઢોર માટેનો પૌષ્ટિક આહાર છે. તેના મૂળ ઉપરની ગંડીકાઓમાં રહેલા રાયઝોબિયમ જીવાણુઓ હવામાનો નાઈટ્રોજન ખેંચી તેને જમીનમાં સ્થિર કરે છે અને જમીન ફળફ્પ બનાવે છે એટલે જ તેને કુદરતી જૈવિક ખાતર પણ કહેવાય છે તેની પૌષ્ટિકતાને લીધે તેને ગરીબોનાં કાજુ કે બદામ તરીકે ઓળખાય છે.

ગુજરાત રાજયમાં ચોમાસુ અને ઉનાળુ એમ બે ઋતુનું મળીને ૨૦ થી ૨૧ લાખ હેકટર જેટલુ મગફળીનુ વાવેતર થાય છે. જેમા ઉનાળુ વાવેતર ૧.૫ થી ૨.૦ લાખ હેકટર જેટલું હોય છે. ઉનાળુ ઋતુનુ વાવેતર ફકત સિંચાઈ આધારીત થતુ હોય તેમજ ફળદ્રુપ જમીનનો ઉપયોગ કરાતો હોય અને આ ઋુતુમા ઉંચા તાપમાને રોગ જીવાત પણ ખાસ જોવા મળતા નથી. આથી ઉનાળુ ઋતુમા ચોમાસુ ઋતુ કરતા હેકટર દીઠ બમણું (૨૫૦૦ કિલો સરેરાશ) ઉત્પાદન લઈ શકાય છે.

## જમીનની તૈયારી

ઉનાળુ મગફળી માટે મધ્યમ કાળી અને ગોરાડુ જમીન વધુ માફક આવે છે. મગફળીની સારી વૃધ્ધિ અને ડોડવાનો વિકાસ થાય તે રીતે હળથી ઉંડી ખેડ કરી આગલા પાકના ઝડીયા, મૂળીયા વગેરે વીણી લઈ બે વખત કળીયા અને સમાર મારી જમીન પોચી અને ભરભરી બનાવવી જોઈએ એટલુ જ નહીં પરંતુ યોગ્ય રીતે પિયત થઈ શકે (પાણી ફરી શકે) તે રીતે જમીન સમતળ બનાવી યોગ્ય સાઈઝના કયારા, પાળીયા અને જરુરી ઢાળીયાની સગવડતા કરવી જોઈએ.

## ખાતર

ઉનાળુમાં પિયતને લઈ ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ થઇ શકે તે માટે હોય હેકટર દીઠ ૮ થી ૧૦ ટન ગળતીયું (છાણીયુ) ખાતર આપવુ. સામાન્ય રીતે ચોમાસુ પાક કરતા બમણા રાસાયણિક ખાતરો ઉનાળુ ઋતુમાં આપવાની ભલામણ હોય હેકટર દીઠ ૨૫ કી.ગ્રા. નાઈટ્રોજન,૫૦ કી.ગ્રા. ફોસ્ફરસ અને ૫૦ કી.ગ્રા.પોટાશ ખાતરો વાવતા પહેલા ચાસમા ઓરવીને આપવા અને ખાતરો બને તો એમોનીયમ સ્લફેટ અને સીંગલ સુપર ફોસ્ફેટના રૂપમાં આપવા. એસ.એસ.પી માં ૨૬% પોસ્ફરસ ઊપરાત ૨૦% કેલ્શીયમ, ૧૨.૫૦% ગંધક અને જસત તેમજ મોલીબ્લેડમ જેવા સુક્ષ્મ તત્વ હોય છે જે સુક્ષ્મ તત્વની જમીનમાં ઉણપ સુધારી પાકને ફાયદો કરે છે. આ ઉપરાંત જમીનમાં જો ગંધક તત્વની ઉણપ હોય તો હેકટર દીઠ ૨૦ કી.ગ્રા. સલ્ફર આપવુ. હકીકતે ખાતરો કેટલા અને કયારે આપવા તે માટે ખેડૂતોએ પોતાના ખેતરનો જમીનનો નમુનો જમીન ચકાસણી પ્રયોગશાળા માં ચકાસણી કરાવી ભલામણ મુજબ ખાતરો આપવા વધુ હિતાવહ છે.

નોંધ :- ભલામણ કરેલ ખાતરના ૭૫% (૧૮.૭૫-૩૭.૫૦-૩૭.૫૦, એન.પી.કે.) અને ૧.૫% એન.પી.કે દ્રાય પ્રવાહી ખાતરનો (૧૯-૧૯-૧૯) વાવતેર બાદ ૪૫,૬૦, અને ૭૫ દિવસો છંટકાવ કરવો.

ભલામણ કરેલ ખાતરના ૫૦% (૧૨.૫-૨૫-૨૫. કિ.ગ્રા. એન.પી.કે/હે. સાથે બાયો-ગ્રો (૧૨૫ મીલી/હે.) જૈવિક ખાતરની બીજ માવજત આપવી.

**<u>વાવણીનો સમય</u>**

સામાન્ય રીતે ઉનાળામા મોટા ભાગના પાકો ૨૩°થી ૨૫°સેન્ટીગ્રેડ ઉષ્ણતામાનમાં સારી રીતે ઉગી શકે છે. ઉનાળામાં વહેલી પાકતી જાતો જ વાવી શકાય નહીંતર કાપણી વખતે ચોમાસુ વરસાદ નડવાની શકયતા રહે છે. જાન્યુઆરી માસમાં ઠંડી ઓછી થાય કે તુરત મગફળીનું વાવેતર કરી દેવુ જોઈએ જેથી કાપણી, ખળુ વિગેરે કામગીરી ચોમાસુ વરસાદ થાય તે પહેલા પૂર્ણ થઈ શકે એટલું જ નહીં પરંતુ, વહેલી પાકની જાતો ફકત ઉભડી પ્રકારની હોય છે અને આ પ્રકારમાં બીજ બીન સુષુપ્ત હોવાથી મોડુ થાય તો ચોમાસાનો પ્રથમ વરસાદ થતાં મગફળી ઉગી જવાની બીક રહે છે એટલે કે, ઠંડી ઓછી થયે વાવેતર કરી દેવાની ભલામણ કરવામાં આવે છે. તે મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં જાન્યુઆરીના બીજા પખવાડીયામાં, મધ્ય ગુજરાતમાં જાન્યુઆરીના ત્રીજા અઠવાડીયામાં, જયારે દક્ષિણ ગુજરાતમાં વધુ ડંડી લંબાતી હોય ડીસેમ્બર થી માંડી જાન્યુઆરી ના બીજા અઠવાડીયા સુધીમાં મગફળીનું વાવેતર કરી દેવુ.

**<u>બીજની પસંદગી</u>**

મગફળી ઉત્પાદનમાં સુધારેલ જાતોનું ધણુ જ મહત્વનું છે. સુધારેલ બીજ વાપરવાથી ઉત્પાદનમાં ૨૦ થી ૩૦ % વધારો મેળવી શકાય છે. આથી વાવેતર માટે બિયારણ સારી જનીનિક ગુણવતા ધરાવતુ, સારી સ્કુરણ શકિતવાળુ અને અન્ય જાતો ની ભેળસેળ વગરનું ખાત્રીલાયક હોવુ જરૂરી છે.  બને ત્યાં સુધી પ્રમાણિત બીજનો ઉપયોગ કરવો.

**ઉનાળુ મગફળીની જાતોના અગત્યના ગુણધર્મો**

| જાત | પાકવાના દિવસો | દાણા | | તેલના ટકા | દાણા નો ઉતારો | અન્ય ગુણધર્મો |
|---|---|---|---|---|---|---|
| | | કદ | રંગ | | | |
| જીજી-૨ | ૧૨૦ | મધ્યમ | ગુલાબી | ૪૯.૬ | ૭૨.૮૦ | સુકારા રોગ અને પીળીયા સામે પ્રતિકારક |
| જીજી-૪ | ૧૧૯ | મધ્યમ | ગુલાબી | ૫૦.૮ | ૭૪.૪૦ | તેલનું પ્રમાણ અને દાણાનો ઉતારો વધારે |
| જીજી-૬ | ૧૧૯ | મધ્યમ | ગુલાબી | ૫૦.૩ | ૭૩.૦૦ | તેલનું વધુ પ્રમાણ તથા વધુ ઉત્પાદન |
| જીજેજી-૩૧ | ૧૧૭ | મધ્યમ | ગુલાબી | ૪૯.૨ | ૭૦.૭૦ | વધુ ઉત્પાદન, મોટા દાણા તથા અગ્ર કલિકા રોગ સામે પ્રતિકારક |
| ટીજી-૨૬ | ૧૨૧ | નાનુ | ગુલાબી | ૪૯.૦ | ૬૫.૦૦ | અંશતઃ સુષુપ્તતા ધરાવે છે. વહેલી પાકે છે. |
| ટીજી-૩૭-એ | ૧૧૪ | મધ્યમ | ગુલાબી | ૫૧.૦ | ૬૮.૦૦ | તેલનું વધુ પ્રમાણ છે. વહેલી પાકતી,૧૫ દિવસ ની સુષુપ્તતા ધરાવે છે |
| ટીપીજી-૪૧ | ૧૧૫ | મોટો | ગુલાબી | ૪૮.૬ | ૬૯.૦૦ | વધુ ઉત્પાદન, દાણા મોટા તથા તેલની ગુણવત્તા સારી |
| જીજી-૩૪ | ૧૧૫ | મોટો | ગુલાબી | ૫૨.૮૦ | ૬૭.૯૦ | મોટો દાણો, વધુ ઉત્પાદન આપતી જાત |
| જીજી-૩૭ | ૧૧૨ | મધ્યમ | ગુલાબી | ૪૮.૯૦ | ૭૩.૦૧ | વધુ ઉત્પાદન, |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | નીકાસલક્ષી |

**બીજ અને જમીનની માવજત**

જમીન અને બીજજન્ય રોગો જેવા કે, ઉગસુક (કોલર રોટ), થડનો કોહવારો (સ્ટેમ રોટ) અટકાવવા માટે બીજની માવજત ઘણી જ અગત્યની છે. એક કી.ગ્રા. બીજ દીઠ ૩ થી ૪ ગ્રામ થાયરમ અથવા કાર્બેન્ડેઝીમ અથવા મેન્કોઝેબ અથવા કેપ્ટાન નામની દવાનો પટ આપવો.

બિયારણ નો દર અને વાવણી અંતર

સામાન્ય રીતે ઓરવાણ કર્યા બાદ વરાપ થયે બે હાર વચ્ચે ૨૨.૫ સે.મી. થી ૩૦ સે. મી. (૯ ઈંચ થી ૧૨ ઈંચ) ના અંતરે વાવેતર કરવા ભલામણ હોઈ ૧૨૦ થી ૧૩૦ કી.ગ્રા. પ્રતિ હેકટર બિયારણ નો દર રાખવો. વાવેતર કર્યા બાદ જમીની પ્રત તથા સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે લંબાઈ તથા પહોળાઈ રાખી કયારા બનાવવા.

**પિયત**

- પ્રાથમિક પિયત (ઓરવાણ) આપ્યા પછી વરાપ થયે વાવેતર કરવુ અને પ્રદેશ મુજબ કયારાની પહોળાઈ-લંબાઈ રાખવી. ઉનાળુ મગફળીના પાકમા સમયસર પિયત આપવુ એ ખૂબ જ અગત્યની બાબત છે.
- પિયતની સંખ્યા અને બે પિયત વચ્ચેનો ગાળો જમીન ના પ્રકાર અને સ્થાનિક હવામાન ઉપર આધાર રાખે છે.
- સૌરાષ્ટ્ર વિસ્તારમા ઉનાળુ મગફળી પકવતા ખેડૂતોએ પિયત માટે કયારા પધ્ધતિ અપનાવવી. સામાન્ય સંજોગોમાં કયારાનું માપ ૨૦ × ૧.૮ મીટર રાખી નીચે પ્રમાણે ઓરવાણ પછી ૧૧ પિયત આપવાની ભલામણ કરવામાં આવે છે.
- પ્રથમ પિયત વાવણી બાદ તુરત જ આપવુ, સારા ઉગાવા માટે
- બીજુ પિયત ૧૮ થી ૨૦ દિવસે, વાનસ્પતિક વૃધ્ધિ પર અંકૂશ રાખવા,
- ત્રીજુ અને ચોથુ પિયત ૩૦ અને ૪૦ દિવસે, જમીનમાં સૂયા બેસતી વખતે,
- પાંચથી નવ પિયત ૭ થી ૮ દિવસના અંતરે, ડોડવાના વિકાસ માટે બાકીના બે પિયત ૮ થી ૧૦ દિવસના અંતરે, કાપણી પહેલા આપવા.
- દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ઉનાળુમાં મગફળીનુ વાવેતર કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે ૪૦ કીગ્રા પોટાશ એક સરખા છ હપ્તામાં ૮ દીવસના અંતરે (પ્રથમ હપ્તો વાવેતર બાદ ૨૦ દીવસે) ટપક પદ્ધતિથી આપવો આ સાથે ભલામણ કરેલ નાઈટ્રોજેન અને ફોસફરસ (૨૫-૫૦ કિ.ના.ફો./હે) ખાતરો પણ આપવા. ટપક પધ્ધતીની વિગત નિચે મુજબ છે.

| વિગત | પરીચાલનો સમય | |
|---|---|---|
| | મહિનો | મીનીટ |
| પાણીની નળીઓનુ અંતર : ૬૦ સે.મી. | ફેબ્રુઆરી | ૭૫-૮૦ |
| ટપકણીયાનુ અંતર : ૪૫ સે.મી. | માર્ચ | ૧૦૦-૧૧૦ |
| ટપકણીયાનો સ્રાવ ક્ષમતા : ૪ લીટર પ્રતિ કલાક | એપ્રીલ | ૧૨૦-૧૨૫ |
| પરીચાલનનુ દબાણ : ૧.૨ કિ.ગ્રા. પ્રતિ ચો.સે.મી. | મે | ૧૩૦-૧૩૫ |
| પરીચાલનનુ પૂનરાવુતિ | એકાંતરા દિવસે | |

## આંતરખેડ અને નિંદામણ

મગફળી પાકમાં સમયસર નિંદામણ ન કરવામાં આવેતો ૨૦ થી ૪૫ % સુધીનો ઉત્પાદનમાં ઘટાડો નોંધાયેલ છે. મગફળીના પાકને પ્રથમ ૪૫ દિવસ નિંદામણમુકત રાખવો ખૂબ જ જરુરી છે. આ માટે બે આંતરખેડ તથા હાથથી નિંદામણ કરવું જરુરી છે. જયાં મજુરોની અછત હોય અને મજુરીના દર ખૂબ ઉંચા હોય ત્યાં નિંદામણ નિયંત્રણ માટે ઓકઝીફલુરાફેન ૦.૨૪ કી.ગ્રા./હે. અથવા પેન્ડિમીથાલીન ૧ કી.ગ્રા./હે અથવા ફલુકલોરાલીન ૨ લી/હે દવા, ૫૦૦ લી. પાણીમા ઓગાળી વાવણી બાદ તુરત જ અને બિયારણના સ્ફૂરણ પહેલા જમીન ઉપર છંટકાવ કરવો અને મગફળી ૨૦-૨૫ દિવસની થાય ત્યારે કિવઝાલોફોપ ઈથાઈલ ૦.૦૫ કિ.ગ્રા. પ્રતિ હેકટરે અથવા ઈમીઝેથાપાયર નિંદામણનાશક દવા ૦.૦૭૫ કિ.ગ્રા. પ્રતિ હેકટર પ્રમાણે છંટકાવ કરવો. આ ઉપરાંત ૪૦ થી ૫૦ દિવસે એક આંતર ખેડ અને એક હાથ નિંદામણ કરવાની ભલામણ છે.

## મગફળીની પીળાશ અને તેનું નિયંત્રણ

મગફળીના પાકને પૂર્તિ ખાતર આપવાની જરૂર નથી પરંતુ  મગફળીમાં પીળાશ દેખાય ત્યાર લોહ તત્વની ઉણપ, જમીનની રેચક પરિસ્થિતી, જમીનનું કઠણ તળ, તાજા/કાચા સેન્દ્રિય ખાતરોનો વપરાશ જેવા કારણોને લીધે પીળી પડે છે. લોહ તત્વની ખામીવાળા મગફળીના છોડના પાનની નસો લીલી હોય અને બાકીનો પાનનો ભાગ પીળો પડે છે. આવા લક્ષણો જણાય ત્યારે જમીનમાં લોહ તત્વની ઉણપ છે તેમ સમજવું. આ પ્રકારની મગફળીમાં પીળાશ દેખાય ત્યારે ૧૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ(હિરાકસી) ની સાથે ૧૦ ગ્રામ સાઈટ્રીક એસીડ(લીંબુના ફુલ)૧૦ લી. પાણીમાં ઓગાળી મગફળીના વિકાસ અને પીળાશના પ્રમાણના આધારે લગભગ ૫૦૦ લી. પ્રતિ હેકટર પ્રમાણે છંટકાવ કરવો. જરુર જણાય તો બીજા બે છંટકાવ ૮ થી ૧૦ દિવસના અંતરે કરવા.

## પાક સંરક્ષણ

(૧) મોલો-મશી, તડતડીયા(લીલી પોપટી), થ્રીપ્સ, સફેદ માખી અને લાલ કથીરી:

- ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. (૧ ઇસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઇસી) અથવા બીવેરીયા બેસીયાના નામની ફૂગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- આ જીવાતનો ઉપદ્રવ ક્ષમ્યમાત્રા કરતા વધારે હોય ત્યારે જંતુનાશક દવાઓ જેવીકે ડાયમિથોએટ 30 ઇસી ૧૦ મિ.લિ. અથવા ઇમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૪ મિ.લિ. અથવા કાર્બોસલ્ફાન ૨૫ ઇસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અને જરૂર જણાય તો ૧૦ થી ૧૨ દિવસ બાદ બીજો છંટકાવ કરવો.
- કથીરીની અસરકારક નિયંત્રણ માટ્ર પ્રોપરગાઈટ ૫૭ ઈસી. ૧૦ મી.લી. અથવા ફેનાઝાકવીન ૧૦ ઈ.સી. ૧૦ મી.લી. કથીરી નાશક ૧૦ લી. પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવો.

(૨) લીલી ઈયળ (હેલીયોથીસ),પાન ખાનર ઈયળ (પ્રોડેનીયા)ઈયળોનુ સંકલિત નિયંત્રણ

- લીલી તથા પાન ખાનાર ઈયળ નિયંત્રણ માટે હેકટર દીઠ ૫-૬ ફેરોમોન ટ્રેપ ગોઠવી તેમા પકડાતા નર કુદાંનો નાશ કરવો જેથી કુદાં દ્વારા મૂકાતા ઈંડાંમાંથી ઈયળો ઓછી પેદા થાય.

- લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. (૧ ઇસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઇસી) અથવા બીવેરીયા બેસીયાના નામની ફૂગનો પાવડર ૪૦ ગ્રામ અથવા બેસીલસ થુરીન્જીન્સીસ નામના જીવાણુંનો પાવડર ૧૦ ગ્રામ અથવા આ જીવાતનું ન્યુક્લિયર પોલીહેડ્રોસીસ વાયરસ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- ઉપદ્રવ વધુ જણાય ત્યારે કલોરપાયરીફોસ ૨૦ ઇસી ૨૦ મિ.લિ. અથવા ક્વીનાલફોસ ૨૫ ઇસી ૨૦ મિ.લિ. અથવા ઇન્ડોક્ઝાકાર્બ ૧૪.૫ એસ.એલ. ૧૦ મિ.લી. અથવા ફ્લુબેન્ડીએમાઇડ ૪૮ એસ.સી. ૩ મિ.લી અથવા સ્પીનોસાડ ૪૫ એસ.એલ. ૩ મિ.લી. અથવા નોવાલ્યુરોન ૧૦ ઇ.સી. ૨૦ મિ.લી. અથવા ક્લોરાન્ટ્રાનિલિપ્રોલ ૨૦ એસ.સી ૩ મિ.લી. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. જરૂર જણાયતો ૧૦ થી ૧૨ દિવસ પછી કોઈપણ એક દવાનો બીજો છંટકાવ કરવો.

<u>પાન કથીરી</u>

પાન કથીરીના અસરકારક નિયંત્રણ માટે નીચેની જંતુનાશક  દવાઓ પૈકી કોઈ પણ એક દવાનો છંટકાવ કરવો;

| ક્રમ | જંતુનાશક દવાનું નામ | જંતુનાશક દવાનો જરૂરી જથ્થો (૧૦ લિટર પાણીમાં) |
|---|---|---|
| ૧ | પ્રોપરગાઈટ ૫૭ ઈસી. | ૧૦ મિ.લિ. |
| ૨ | ફેનાઝાકવીન ૧૦ ઈ.સી. | ૧૦ મિ.લિ. |

<u>રોગ અને તેનું નિયંત્રણઃ</u>

<u>(૧) ઉગસુકનો રોગ નિયંત્રણ</u>

- સારી ગુણવત્તાવાળા અને નુકશાન વિનાના બીજને જ વાવેતરના ઉપયોગમાં લેવા જોઈએ.
- મગફળી ફોલીને તેના બીજને ભેજવાળી જગ્યામાં રાખવા નહીં. બીજને વાવતા પહેલા ૧ કિ.ગ્રા.બીજની માવજત માટે ટેબૂકોનાઝોલ ૧.૨૫ ગ્રામ અથવા ૫ ગ્રામ સ્યુડોમોનાસ ફલુરોસન્સ  જેવી ફૂગનાશક દવાનો પટ આપી વાવેતર કરવું.

<u>(૨) ટીકકા અને ગેરૂમા સયુંકત નિયંત્રણ</u>

- ટીકકા માટે મગફળીનો પાક ૩૦ થી ૩૫ દિવસનો થાય ત્યારે કાર્બેન્ડાઝીમ ૦.૦૨૫ ટકા (૧૦ લીટર પાણીમાં ૫ ગ્રામ) અથવા ૦.૨ ટકા મેન્કોઝેબ કે કલોરોથેલોનીલ (૧૦ લીટર પાણીમાં ૨૫ ગ્રામ) અથવા ૦.૦૦૫ ટકા હેકઝાકોનાઝોલ (૧૦ લીટર પાણીમાં ૫ મી.લી.) દવાના ૩ છંટકાવ ૧૨ થી ૧૫ દિવસના અંતરે કરવા. ગેરૂ માટે મગફળીનો પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે કલોરોથેલોનીલ અથવા મેન્કોઝેબ ૦.૨ ટકા (૧૦ લીટર પાણીમાં ૨૫ ગ્રામ) અથવા હેકઝાકોનાઝોલ ૦.૦૦૫ ટકા (૧૦ લીટર પાણીમાં ૫ મી.લી.) ના ૩ છંટકાવ ૧૨ થી ૧૫ દિવસના અંતરે કરવા.

<u>મગફળીના થડનો કોહવારો અને **અફલારૂટ**</u>

- પાક ફેરબદલી કરવી.
- એકની એક જમીનમાં મગફળીનું વાવેતર કરવું નહીં. ટ્રાયકોડર્મા હારજીયાનમ ૨.૫ કિ.ગ્રા./હેકટર જમીનમાં વાવેતર સમયે ચાસમાં ૧૦૦ કિ.ગ્રા. એરંડાના ખોળ અથવા દેશી ખાતર સાથે આપવો. ત્યાર બાદ વાવેતર ના એક માસ બાદ તેટલોજ જથ્થો રેતી સાથે ભેળવીને આપવો.

- ફુલ આવવાના સમયે, સીંગો બંધાવાના સમયે કે દાણાના બંધારણ સમયે જમીનમાં ભેજની ઉણપ હોય તો પિયત આપવું.
- ઓછામાં ઓછી આંતર ખેડ કરવી તેમજ પાળા ચઢાવવા નહી.
- અફલારૂટ ના નિયંત્રણ માટે કાપણીની અવસ્થાએ જો ભેજની ઉણપ હોય તો છેલ્લા ૨૦-૨૫ દિવસ અગાઉ હલકુ પિયત આપવું જોઈએ. મગફળીના ડોડવા અને દાણામાં ૮ ટકાથી ઓછો ભેજ રહે તે મુજબ સુકવીને ભેજ મુકત જગ્યાએ સંગ્રહ કરવો.

કાપણી

ઉનાળુ મગફળી આશરે ૧૨૦ દિવસે કાપણી માટે તૈયાર થઈ જાય છે. કાપણી સમયે જો જમીન કઠણ હોય તો હલકુ પિયત આપી હાથથી શકય તેટલા વહેલા છોડ ખેંચી લેવા અથવા કળીયાથી કાઢી, નાના નાના ઢગલામાં સુકવણી કરવી. ત્યારબાદ થ્રેસરથી ડોડવા છુટા પાડવા થ્રેશરમાથી છુટા પાડેલ ડોડવામાં રહેલ માટી, ડાખરા, કચરો વિગેરે પ્રિકલીનરમાં નાખી અથવા પવનમાં ધાર દઈને દુર કરવા. છાંયડામાં સુકવી ડોડવામાં ભેજનું પ્રમાણ ૮ ટકાથી ઓછુ હોય ત્યારબાદ ગ્રેડેડ મગફળીના ડોડવાનો જંતુ રહીત કંતાનના કોથળામાં ભરીને સંગ્રહ કરવો.

**ઉત્પાદન**

વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિનો અમલ કરી મગફળી પકવવામા આવે તો હેકરટે ૨૫૦૦ થી ૩૦૦૦ કી.ગ્રા. ઉત્પાદન લઈ શકાય છે.

====@@@@====